NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬ ૪૫૦

ફોન (ઓ) : ૦૨૬૩૭ – ૨૮૨૮૨૩ અને ૨૮૨૭૭૧ થી ૭૫ Ext. ૧૧૩૨
મો. : ૯૮૨૫૧ ૩૬૭૯૩ ફેકસ : ૦૨૬૩૭૨૮૩૭૯૪

ડૉ. જી. જી. રાદડીયા
ઈ/ચા. કુલસચિવ

જા.નં. નકૃયુ / રજી / સં.મં.૩૩ / ૧૨૦૨૬-૭૭/૨૦૧૫ તા.૧૪.૦૮.૨૦૧૫

પ્રતિ,
યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
તમામ ડીનશ્રીઓ
કુલસચિવ વિભાગની તમામ શાખાઓ તરફ.

**વિષય :– મુદ્દાનોંધ મોકલી આપવા બાબત.**
સંદર્ભ :– આ કચેરીના શેરા પત્રાંક : નકૃયુ / રજી / સં.મં. / ૧૨૫૪૧–૪૯થી પરિપત્રિત કરેલ સરકારશ્રીનો તા.૩૦.૯.૨૦૧૪નો પત્ર.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના સંચાલક મંડળની આગામી બેઠક ટુંક સમયમાં યોજવામાં આવનાર હોઈ, સદર બેઠક માટે આપની કચેરી / વિભાગ / શાખા તરફથી જો કોઈ મુદ્દાનોંધ સંચાલક મંડળમાં રજૂ કરવાની રહેતી હોય તો, મુદ્દાનોંધ બનાવી, કુલપતિશ્રીની મંજુરી મેળવી, કોમ્પ્યુટર ટાઈપીંગ કરી, કટ સાઈઝમાં, ભુલો રહિત, ડાઘાડુઘી વગરની, જે તે સાથે આવતા બિડાણોના જોડાણ સાથે તેમજ આપની કચેરીના ફોરવડીંગ લેટર સાથે ૨૦ (વીસ) નકલ ગુજરાતીમાં અને **એક** નકલ તથા તેની અંગ્રેજીમાં **સંચાલક મંડળ શાખામાં** મોડામાં મોડા **તા.૩૧.૦૮.૨૦૧૫ના રોજ સાંજ સુધીમાં** મોકલી આપવા વિનંતી. જેથી આપની કચેરી / વિભાગ / શાખાની મુદ્દાનોંધ સંચાલક મંડળમાં સમયસર રજૂ કરી શકાય અને સદર બેઠકના એજન્ડા બેઠકના નિયત સમય–મર્યાદામાં મા. સભ્યશ્રીઓને પહોંચતા કરી શકાય.

વધુમાં જે મુદ્દાનોંધ નાણાંકીય બાબત સાથે સંકળાયેલ હોય તે નાણાં સમિતિના ઠરાવ સાથે તેમજ શૈક્ષણિક બાબતો સાથે સંકળાયેલ વિદ્યાપરિષદના ઠરાવ સાથે સંચાલક મંડળમાં રજૂ કરવા જણાવવામાં આવે છે.

સંદર્ભના પત્રથી સંચાલક મંડળની બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી વધુ પડતી મુદ્દાનોંધ રજૂ ન કરવાની સરકારશ્રીની સૂચનાને ધ્યાને લેતાં હવે નિયમિત એજન્ડામાં જ મુદ્દાનોંધોનો સમાવેશ કરવાનો હોવાથી **તા.૩૧.૦૮.૨૦૧૫ પછી આવનાર મુદ્દાનોંધ ઉપર કોઈ ધ્યાન આપવામાં આવશે નહી તેમજ પરત કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.**

**આ અંગે ટોચ અગ્રિમતા આપવા વિનંતી.**

કુલસચિવ

નકલ રવાના :–(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી